**CC NO.** 566/2020
**With**
**CC NO.** 567/2020
ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટ

GJVL020006822020

सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ કર્યા તારીખ | 18/02/2020 |
| રજી. કર્યા તારીખ | 18/02/2020 |
| ફેસલ કર્યા તારીખ | 21/07/2026 |
| સમયગાળો | 06 Y 05 M 03 D |

## વલસાડના મહેરબાન એડીશનલ જ્યુડીશીયલ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટ, વલસાડ

## [સુ.શ્રી. પ્રીતિ સાગર]

**ક્રિમીનલ કેસ નં. ૫૬૬/૨૦૨૦**
**With**
**ક્રિમીનલ કેસ નં. ૫૬૭/૨૦૨૦**
**આંક – ૩૨**

ગુન્હો :–ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એ,ઈ, ૮૧, ૯૮,(૨), મુજબ
વલસાડ રૂરલ પોલીસ સ્ટે.એફ.આઈ.આર.નં.**III** ૫૧૪ / ૨૦૧૮

ફરીયાદ– શ્રી નામદાર સરકાર

–:વિરૂધ્ધ:–

આરોપી– ૧. જ્ઞાનેશ્વર ઉર્ફે અનિલ ઉર્ફે દયારામ પાટીલ
રહેવાસી– ઘર નં.૯૦/એ, ગોડાદરા, ઉમિયાનગર, લિંબાયત, તા.જી. સુરત મૂળ રહે–માનાજી મોંઢાળે તા. પારોળા, જી.જલગાંવ, મહારાષ્ટ્ર

આરોપી– ૨. અનિલ જગરૂ ઉર્ફે રાજકુમાર પ્રજાપતિ
રહેવાસી– સાંઈદીપ સોસાયટી, રૂમ નં.૨૦૮, જોલવા ગામ, તા.પલસાણા જી.સુરત મૂળ રહે–ગામ મનેરા, પોસ્ટ કેરાકર, જી.જોનપુર, યુ.પી.(આરોપી વિરૂધ્ધ ક્રિ.પો.કોડની કલમ–૨૯૯ મુજબનો હુકમ થયેલ)

આરોપી– ૩. દિપક કૈલાસ રામચંદ્ર માળી
રહેવાસી– પ્લોટ નં.૩૪૫, ઉમાવિહાર, દસ્તાન ગામ, તા. પલસાણા જી. સુરત મૂળ રહે–ગામ ચોપડા, ધનઘર ગલી, માલીવાડ, જી.જલગાંવ, મહારાષ્ટ્ર

આરોપી– ૪. કૃણાલભાઈ કૈલાસભાઈ માળી
રહેવાસી– પ્લોટ નં.૩૪૫, ઉમાવિહાર, દસ્તાન ગામ, તા. પલસાણા જી. સુરત

**મૂળ રહે–ગામ ચોપડા, ધનઘર ગલી, માલીવાડ, જી.જલગાંવ, મહારાષ્ટ્ર**

**તહોમત– ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એ,ઈ,૮૧,૯૮(૨)મુજબના ગુન્હા બાબત..**

**=====================================================**
**ફરીયાદ પક્ષ તરફે વિ. એ.પી.પી.શ્રી વી.આર.સોલંકી**
**આરોપી નં. ૧ તરફે વિ. વ. શ્રી – જે. બી. પટેલ**
**આરોપી નં. ૩ અને ૪ તરફે વિ. વ. શ્રી – એસ.ડી.દેસલે**
**=======================================================**

**<u>ફોર્મ–બી</u>**

| | |
|---|---|
| ગુનો બનાવ તારીખ | ૨૭/૧૧/૨૦૧૮ |
| ફરીયાદની તારીખ | ૨૭/૧૧/૨૦૧૮ |
| ચાર્જશીટ તારીખ | ૨૭/૧૧/૨૦૧૮ |
| કેસ નં. ૫૬૭ માં તહોમતનામું ફરમાવ્યા અને પ્લીની તારીખ<br>કેસ નં. ૫૬૬ માં તહોમતનામું ફરમાવ્યા અને પ્લીની તારીખ | ૨૫/૦૧/૨૦૨૩<br>૨૯/૦૬/૨૦૨૬ |
| કેસ નં. ૫૬૭ માં પુરાવા માટે મુલતવી તારીખ<br>કેસ નં. ૫૬૬ માં પુરાવા માટે મુલતવી તારીખ | ૦૫/૧૦/૨૦૨૪<br>૩૦/૦૬/૨૦૨૬ |
| ઠરાવ માટે મુલતવી તારીખ | ૨૧/૦૭/૨૦૨૬ |
| સજાનો હુકમ કર્યા તારીખ (જો હોય તો) | - |

**<u>આરોપીની વિગતો</u>**

| આરોપી નં | આરોપી/ઓનું નામ | ધરપકડ તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ ? | નિર્દોષ/ કસુરવાર | શું સજા ? | સી.આર.પી.સી/ બી.એન.એસ.એસ. મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે? |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | જ્ઞાનેશ્વર ઉર્ફે અનિલ ઉર્ફે | – | – | ધી ગુજરાત પ્રોહીબીશન | નિર્દોષ | – | – |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | દયારામ પાટીલ | | | એકટ કલમ–૬૫ એ,ઈ ૮૧, ૯૮,(૨), | | | | |
| ૨. | અનિલ જગરૂ ઉર્ફે રાજકુમાર પ્રજાપતિ (આરોપી વિરૂધ્ધ ક્રિ.પો.કોડની કલમ–૨૯૯ મુજબનો હુકમ થયેલ) | | | | | | | |
| ૩. | દિપક કૈલાસ રામચંદ્ર માળી | | | | | | | |
| ૪. | કુણાલભાઈ કૈલાસભાઈ માળી | | | | | | | |

## <u>ફોર્મ–સી</u>

### <u>ફરીયાદ પક્ષ /બચાવ/પક્ષ/કોર્ટના સાહેદોનું લીસ્ટ</u>

### <u>(એ) ફરીયાદપક્ષ તરફે મૌખિક પુરાવો :</u>

| ક્ર. નં. | સાહેદની વિગત | પ્રકાર | આંક |
|---|---|---|---|
| **૧.** | કિશોરભાઈ ખુશાલભાઈ ચૌહાણ | પંચ | ૧૫ |
| **૨.** | દયારામ ગનુભાઈ માંગેલા | પંચ | ૧૭ |
| **૩.** | દિનેશભાઈ જયદેવભાઈ બારોટ | ત.ક. અ. | ૩૧ |

### <u>(બી) બચાવપક્ષ તરફે પુરાવો :</u>

| ક્ર.નં. | સાહેદની વિગત | પંકાર | આંક |
|---|---|---|---|
| – | | | |

**( સી ) કોર્ટ સાહેદ :**

| ક્ર. નં. | સાહેદની વિગત | પ્રકાર | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

**ફરીયાદપક્ષ તરફે આંક પાડેલા દસ્તાવેજી પુરાવા :**

| ક્ર.નં | દસ્તાવેજનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧. | પંચનામુ | ૧૬ |
| ૨. | ફરીયાદ | ૩૨ |
| ૩. | એફ.એસ.એલ. રીપોર્ટ | ૩૩ |

**બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :**

| ક્ર.નં | દસ્તાવેજનું વર્ણન | આંક |
|---|---|---|
| – | – | – |

**મુદ્દામાલની વિગત :**

| ક્ર.નં | આર્ટિકલ નં. | મુદ્દમાલની વિગત |
|---|---|---|
| – | – | – |

## : ચુકાદો :

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુકમાં હકીકત એવી છે કે, આ કામે પકડાયેલ આરોપીઓએ એકબીજાની મદદગારીથી તા. ૨૭/૧૧/૦૧૮ ના કલાક ૧૭/૩૦ વાગ્યે મોજે અતુલ ફસ્ટગેટના ઓવબરબ્રીજ ઉતરતા ને.હા.નં ૮, સુરત તરફ જતા રોડ ઉપર તા.જી. વલસાડ ખાતે અગાઉ પકડાયેલ આરોપી નં.૪ એ પોતાના કબજાની અશોક લેલન્ડ ટેમ્પો નં GJ 05 V 8551 કિ.રૂ ૨,૦૦,૦૦૦/– ની માં વગર પાસ પરમીટે ભારતીય બનાવટની ઇગ્લીશ દારૂની વ્હીસ્કી તથા બીયરની કુલ બાટલી નં ૧૨૭૨ કિ.રૂ ૭,૨૩,૬૦૦/– કુલ

તથા મોબાઈલ ફોન કિ.રૂ ૫૦૦ મળી કુલ કિ.રૂ ૯,૨૪,૧૦૦/– વગર તથા આરોપી નં.૪ એ એકબીજાની મદદગારીથી આરોપી નં.૧ એ વગર નંબરના મહિન્દ્રા બોલેરો પીકઅપ જેનો ચેસીસ નં.MAIZN2TBKH1182592 તથા એન્જીન નં.TBHIL34026 કિ.રૂ.૫,૦૦,૦૦૦/– નીમાં આરોપી નં.૪ મારફતે ભારતીય બનાવટની પરપ્રાંતિય ઈંગ્લીશ વ્હીસ્કી તથા બીયરની બાટલી નંગ–૧૩૪૪, કિં.રૂ.૬૯,૬૦૦/– નો પ્રોહી. મુદામાલ વગર પાસ પરમીટે ગે.કા. રીતે વોન્ટેડ આરોપી પાસેથી દમણથી મંગાવી વોન્ટેડ આરોપી નં.૪ ને ઉપરોકત પ્રોહી જથ્થો ગે.કા. રીતે ઉપરોકત પોતાની માલિકીના વાહનમાં ભરાવી આપી જે પ્રોહી. જથ્થો આરોપી નં.૪ ને ઉપરોકત વાહનમાં વાહતુક કરી લઈ આવતાં તા.૨૭/૦૯/૨૦૧૯ ના ક.૧૭/૧૫ ના સુમારે મોજે અતુલ, વાડી ફળીયા, જી.ઈ.બી સામે, ને.હા.નં.૪૮, મુંબઈ–અમદાવાદ રોડ, તા.જી.વલસાડ ખાતે પોલીસની નાકાબંધી દરમિયાન પ્રોહી. જથ્થો ભરેલ ઉપરોકત મહિન્દ્રા બોલેરો પીકઅપ સ્થળ ઉપર મુકી નાશી જઈ પાછળથી પકડાઈ ગયેલ તેમજ પ્રોહી. જથ્થો મંગાવનાર આરોપી પાછળથી પકડાઈ જઈ પંચોની હાજરીમાં મુદ્દામાલ કબજે કરી ફરીયાદીએ આરોપીઓ વિરુધ્ધ પ્રોહીબીશન એક્ટની કલમ-૬૫એ,ઈ,૮૧,૯૮(૨), મુજબની ફરીયાદ આપતા તે ફરીયાદ નોંધી તપાસ કરનાર અધિકારીએ તપાસને અંતે આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા મળી આવતા અત્રેની અદાલત સમક્ષ ચાર્જસીટ કરેલ.

(૨) ચાર્જસીટ રજુ થતા આરોપીને સમન્સ કરતા આરોપી હાજર રહેલ અને આરોપી હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કરી, આરોપીનું નિવેદન રેકર્ડ કરતા, આરોપીએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરેલ, જેથી સદર કામ કામ ફરીયાદ પક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ.

(૩)સદર કામમાં ફરીયાદ પક્ષે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

(૪) ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીને તેઓની વિરૂધ્ધની હકીકત અને સંજોગો અંગે સમજાવેલ અને તેઓનું વિશેષમાં નિવેદન નોંધવામાં આવેલ, જેમાં આરોપીએ તેઓની સામેના પુરાવાની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં એવી હકીકત જણાવેલ છે કે, અમો તદન

નિર્દોષ છીએ, અમોએ આવો કોઈ ગુનો કરેલ નથી. અમોને ખોટીર રીતે સંડોવી દઈ અમારા વિરૂધ્ધ ખોટુ ચાર્જસીટ કરેલ છે.

(૫)ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળી. ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ દલીલો કરતા જણાવેલ છે કે ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંક પણે સાબિત કરવામાં સફળ થયેલ છે જેથી આરોપીને સજા કરવા અરજ છે. જ્યારે આરોપીના વિ.વ.શ્રી દલીલો કરતા જણાવે છે કે, આ કામે પંચો સાહેદો ફરી ગયેલા છે અને ફરીયાદપક્ષ દ્વારા અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલા નથી. ફરીયાદપક્ષે પોલીસ સાહેદો છે તે હિત ધરાવનાર સાહેદો છે. આરોપીને ખોટી રીતે સંડોવી દઈ કામગીરી બતાવવા ખોટી ફરીયાદ આપેલ છે અને ખોટુ ચાર્જશીટ કરેલ છે. જેથી ફક્ત પોલીસ સાહેદોની જુબાનીને આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી અને આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા માટે અરજ કરેલ છે.

(૬) હાથ પરના કેસની હકીકતો ધ્યાને લેતા સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

## <u>-: : મુદ્દા ::-</u>

૧. શું ફરીયાદપક્ષ શંકાથી પર એ હકીકત પુરવાર કરી શકે છે કે, આ કામે પકડાયેલ આરોપીઓએ એકબીજાની મદદગારીથી તા. ૨૭/૧૧/૦૧૮ ના કલાક ૧૭/૩૦ વાગ્યે મોજે અતુલ ફસ્ટગેટના ઓવબરબ્રીજ ઉતરતા ને.હા.નં ૮, સુરત તરફ જતા રોડ ઉપર તા.જી. વલસાડ ખાતે અગાઉ પકડાયેલ આરોપી નં.૪ એ પોતાના કબજાની અશોક લેલન્ડ ટેમ્પો નં GJ 05 V 8551 કિ.રૂ ૨,૦૦,૦૦૦/- ની માં વગર પાસ પરમીટે ભારતીય બનાવટની ઈગ્લીશ દારૂની વ્હીસ્કી તથા બીયરની કુલ બાટલી નં ૧૨૭૨ કિ.રૂ ૭,૨૩,૬૦૦/- કુલ તથા મોબાઈલ ફોન કિ.રૂ ૫૦૦ મળી કુલ કિ.રૂ ૯,૨૪,૧૦૦/- વગર તથા આરોપી નં.૪ એ એકબીજાની મદદગારીથી આરોપી નં.૧ એ વગર નંબરના મહિન્દ્રા બોલેરો પીકઅપ જેનો ચેસીસ નં.MAIZN2TBKH1182592 તથા એન્જીન નં.TBHIL34026 કિ.રૂ. ૫,૦૦,૦૦૦/- નીમાં આરોપી નં.૪ મારફતે ભારતીય બનાવટની પરપ્રાંતિય ઇંગ્લીશ વ્હીસ્કી તથા બીયરની બાટલી નંગ-૧૩૪૪, કિં.રૂ.૬૯,૬૦૦/- નો પ્રોહી. મુદામાલ વગર પાસ પરમીટે ગે.કા. રીતે વોન્ટેડ આરોપી પાસેથી દમણથી મંગાવી વોન્ટેડ આરોપી નં.૪ ને ઉપરોકત પ્રોહી જથ્થો ગે.કા. રીતે ઉપરોકત પોતાની માલિકીના વાહનમાં ભરાવી આપી જે

પ્રોહી. જથ્થો આરોપી નં.૪ ને ઉપરોકત વાહનમાં વાહતુક કરી લઈ આવતાં તા.૨૭/૦૯/૨૦૧૯ ના ક.૧૭/૧૫ ના સુમારે મોજે અતુલ, વાડી ફળીયા, જી.ઈ.બી સામે, ને.હા.નં.૪૮, મુંબઈ–અમદાવાદ રોડ, તા.જી.વલસાડ ખાતે પોલીસની નાકાબંધી દરમિયાન પ્રોહી. જથ્થો ભરેલ ઉપરોકત મહિન્દ્રા બોલેરો પીકઅપ સ્થળ ઉપર મુકી નાશી જઈ પાછળથી પકડાઈ ગયેલ તેમજ પ્રોહી. જથ્થો મંગાવનાર આરોપી પાછળથી પકડાઈ જઈ પ્રોહી એક્ટની કલમ – ૬૫ એ,ઈ,૮૧, ૯૮(૨) મુજબનો ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

## **–: : નિર્ણયો : :–**

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

## **–: : કારણો : :–**

## **મુદ્દા નંબર–૧ ની ચર્ચા :–**

**(૭)**ફોજદારી વિધિશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ આરોપી સામેનો આક્ષેપ ફરીયાદપક્ષે નિ:શંકપણે પોતાની રીતે પુરવાર કરવાનો રહે અને જ્યાં સુધી ફરીયાદપક્ષ પુરવાર ન કરે ત્યાં સુધી આરોપી નિર્દોષ હોવાનું કોર્ટે અનુમાન કરવાનું રહે. આ કામે ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે આ કામના આરોપીએ પોતાના કબજામાં વગર પાસ પરમીટનો પ્રોહી. મુદ્દામાલ રાખેલ હતો જે મુદ્દામાલ રેઈડ દરમ્યાન પંચોની હાજરીમાં પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ. જેથી સદર કામે પંચનામું મહત્વનું બની જાય છે.

**(૮)** ફરીયાદપક્ષ ધ્વારા પોતાનો કેસ સાબિત કરવા માટે પંચો તથા તપાસ કરનાર અમલદારશ્રીને તપાસવામાં આવેલ છે ફરીયાદી તથા તપાસનીશ અમલદાર ફરીયાદપક્ષના કેસને અનુરુપ પોતાની જુબાની આપે છે. **આંક–૩૧** થી ફરીયાદી પોતાની જુબાનીમાં જણાવે છે કે, તેઓ પેટ્રોલીંગમાં હતા ત્યારે આરોપીના કબ્જામાં ઈંગ્લીશ દારૂ મળી આવેલ જેથી તેઓએ પંચોની હાજરીમાં મુદ્દામાલ કબ્જે કરી પોતે ફરીયાદ આપેલી, જે ફરીયાદીની જુબાની દરમ્યાન રજુ દાખલ આંક–૩૨ આપવામાં આવેલ છે તથા આંક–૩૧ થી તપાસ કરનાર અમલદારશ્રી પોતાની જુબાનીમાં જણાવે છે કે ફરીયાદ નોંધાયા બાદ સદર કામે તેઓને તપાસ

સોપવામાં આવેલી જે તપાસ તેઓએ સંભાળી લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, કબજે કરેલ મુદ્દામાલ FSL ખાતે મોકલાવેલ અને પંચનામા તેમજ FSL રીપોર્ટના આધારે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ. ત.ક.અ ની જુબાની દરમ્યાન સદર એફ.એસ.એલ. રીપોર્ટને આંક-૩૩ થી રજુ કરવામાં આવેલ છે.

(૯) ફરીયાદ પક્ષનો કેસ મુખ્યત્વે રીકવરી પંચનામા ઉપર આધારીત છે, ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક- ૧૬ થી પંચનામુ રજુ રાખવામાં આવેલ. સદર પંચનામાના પંચ સાહેદને આ કામે તપાસવામાં આવેલ છે. સદર પંચ સાહેદ પંચનામામાં ફકત પોતાની સહી ઓળખી બતાવે છે, તે સીવાયની તમામ કાર્યવાહી તમામ કાર્યવાહીનો ઈન્કાર કરે છે. આ પંચ સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોય, વિ. એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલા સાહેદ જાહેર કરી અદાલતની મૌખીક પરવાનગીથી ઉલટતપાસમાં કરવામાં આવેલ છે. પરંતુ સદરહું સાહેદ પાસેથી કોઈ પણ ફળદાયી હકીકત ફરીયાદ પક્ષ કઢાવી શકેલ નથી.

(૯.૧) આ કામે ફરિયાદ પક્ષે આંક-૧૫ થી પંચ કિશોરભાઈ ખુશાલભાઈ ચૌહાણનાઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, આ બનાવ અંગે મને કોઈ જાત માહિતી નથી. પોલીસે મને પોલીસ સ્ટેશન બોલાવી એક તૈયાર લખેલા કાગળ ઉપર મારી સહી કરાવેલી. એ કાગળમાં શું લખેલું હતું તે મેં વાંચેલું નહી. હું પોલીસ સાથે કોઈ જગ્યાએ ગયેલ નથી કે મારી રૂબરૂ કોઈ મુદ્દામાલ દારૂ કબ્જે કરવામા આવેલ હોય કે કોઈ ઈસમો કે વ્યકિતની અટક કરવામા આવી હોય એવું બનેલ નથી. મને આ કામે એક પંચનામુ બતાવવામાં આવે છે. જેમાં પંચ નં. ૧ તરીકે મારી સહી કરેલી છે જે હું ઓળખી બતાવું છું. સદર પંચનામાની ઝેરોક્ષને બચાવપક્ષની સંમતિથી રજુ દાખલ આંક- ૧૬ આપવામા આવે છે. એ સીવાય આ કેસ બાબતે હું કશું જાણતો નથી. આરોપીઓને હું ઓળખતો નથી

સદર પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય, વિ.એ.પી.પી શ્રી દ્ધારા ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ.

(૯.૨) આ કામે ફરિયાદ પક્ષે આંક-૧૭ થી પંચ દયારામ ગનુભાઈ માંગેલાનાઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, આ બનાવ અંગે મને કોઈ જાત માહિતી નથી. પોલીસે મને પોલીસ સ્ટેશન બોલાવી એક તૈયાર લખેલા કાગળ ઉપર મારી સહી કરાવેલી. એ કાગળમાં શું લખેલું હતું તે મેં વાંચેલું નહી. હું પોલીસ સાથે કોઈ જગ્યાએ ગયેલ નથી કે મારી રૂબરૂ કોઈ મુદ્દામાલ દારૂ કબ્જે કરવામા આવેલ હોય કે કોઈ ઈસમો કે વ્યકિતની અટક કરવામા આવી હોય એવું

બનેલ નથી. મને આ કામે આંક – ૧૬ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે. જે જોઈને કહુ છુ કે તેમાં પંચ નં. ૨ તરીકે મારી સહી કરેલી છે જે હું ઓળખી બતાવું છું. એ સીવાય આ કેસ બાબતે હું કશું જાણતો નથી. આરોપીઓને હું ઓળખતો નથી. આ સિવાય હું કાંઈ જાણતો નથી

સદર પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય, વિ.એ.પી.પી શ્રી દ્વારા ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ.

**(૯.૩)** આ કામે ફરિયાદ પક્ષે આંક–૩૧ થી ત.ક. અમલદાર દીનેશભાઈ જયદેવભાઈ બારોટનાઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૭/૧૧/૨૦૧૮ ના રોજ અમો તથા પોસઈ એ કે દેસાઈ તથા અન્ય પોલીરા સ્ટાફના માણસો તથા બે પંચો સાથે પ્રોહી.ગુના અંગે પેટ્રોલીંગમા હતા દરમ્યાન મોજે અતુલ ફાટ્ક પહોંચતા નીતીન ભીખાભાઈને બાતમી મળેલ કે એક બ્લુ કલરનો અશોક લેલન ટેમ્પો નં જીજે–૦૫–વી–૮૫૫૧ નો ચાલક ટેમ્પોમા ઇંગલીશ દારૂનો જથો પ્લાસ્ટીકની થેલીમાં કારુન સ્તૂપે ભરી સુરત તરફ જનાર હોય તે બાતમી મળતા પોસઈ એ કે દેસાઈ નાઓને તથા સાથેના પોલીસ સ્ટાફને જાણ કરેલી પોસઈ એકે દેસાઈ નાઓએ બે પંચોના માનસોને બોલાવી બાતમી હકીકત થી વાકેફ કરી અતુલ ફસ્ટ ગેટ બ્રીજ ઉતરતા મુંબઈ થી સુરત તર્ફ જતા ટ્રેક પર વોચમા રહેલ દરમ્યાન બાતમીવાળુ વાહન આવતા તેને ટ્રાફીક જામ કરી ઉભુ રખાવી તેમા બેસેલ ચાલકને પકડી પાડેલ અને તે ટેમ્પોની જડતી તપાસ કરતા ટેમ્પોમા રહેલ કાર્ટુન પર રહેલ સફેદ થેલી તોડી જોતા તેમા પુંઠાના બોક્ષમા ભારતીય બનાવટનો જથ્થો મળી આવેલ હોય જેથી ચાલકનુ પુછતા તેને પોતાનુ નામ કુનાલ કૈલાસહભાઈ માળી રહે કડોદરા સુરતનો હોવાનુ જણાવેલ હોવાનુ જણાવેલ તેની પાસે પાસપરમીટ માગતા નહી હોવાનુ જણાવેલ પકડાયેલ ટેમ્પોને ચાલક સાથે પંચો રૂબરૂ વલસાડ રૂરલ પો સ્ટેશન લાવી તેમા રહેલ પ્રોહી મુદ્દ્માલ બહાર કાઢી પંચો રૂબરૂ ગણી જોતા તેમાથી અલગ અલગ ઇંગલીશ દારૂ તથા બીયરની બોટલ નંગ–૧૨૦૭૨, કી રૂપીયા ૭, ૨૩,૬૦૦/–નો પ્રોહી મુદ્દામાલ મળી આવેલ જેમાથી નમુનાના પાઉચ કાઢી લઈ તમામ મુદ્દામાલ પંચો રૂબરૂ તપાસ અર્થે કબજે કરેલ તથા વાહતુક કરવા ઉપયોગમા લેવાયેલ ટેમ્પો તપાસ અર્થે કબજે કરેલ ચાલકની અંગજડતી કરતા તેના ખીસામાથી એક સૈમસંગ કંપ્નઈનો મોબાઈલ મળી આવેલ તે પંચો રૂબરૂ કબજે કરેલ પકડાયેલ પ્રોહી મુદ્દામાલ બાબતે પુછપરછ કરતા પકડાયેલ ઇસમે દમણ ડાભેલ તળાવ પાસેથી અનીલ પ્રજાપતી નાઓએ ભરી આપેલો અને તેને સુરત ખાતે આપવા જણાવેલ જેથી અમે આ બાબતે અમોએ સરકાર તર્ફે ફરીયાદ આપેલ મને અસલ ફરીયાદ બતાવામા આવે છે જેમા મારી સહી છે જે હુ ઓળખી બતાવું છુ જેને

રજુ દાખલ આંક–૩ર આપવામ આવે છે. આરોપીને જોયે ઓળખુ છુ બાદમા ગુનાની તપાસ સાથેના પોસઈ એકે દેસાઈનાઓએ સંભાળી તેઓએ લાગુ સાહેદોના નીવેદનો નોંધેલ તથા પંચો રૂબરૂ પંચનામુ કરેલ બાદમાં ગુનાની તપાસ અમોને સોંપતા અમોએ ગુનાના કામે પ્રોહી મુદ્દભાલના નમુનાને એફ એસ એલમા મોકલેલ જેનુ સર્ટી આવતા કામમા સામેલ રાખેલ જેને રજુ દાખલ –33 આપવામા આવે છે તથા આરોપી કુનાલ નાઓ વીરુધ્ધ પુરતો પુરાવો પડતા ચાર્જશીટ કરેલ તથા અન્ય આરોપિઓને વોન્ટેડ દર્શાવેલ બાદમા નાશતા ફરતા આરોપી જ્ઞાનેશ્વર તથા અનીલ રાજકુમાર પ્રજાપતી તથા દીપક કેલાશ ચંદ્ર માળી નાઓ પકડાઈ જતા તેઓ વીરુધ્ધ પણ પુરતો પુરાવો હોય પાછળથી ચાર્જશીટ કરેલુ આરોપીઓને ઓળખુ છુ.

સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલ **<u>ઉલટતપાસમાં</u>** સાહેદે સ્વિકારેલ છે કે, બનાવવાળી જગ્યાની આજુબાજુના સ્થાનિક પંચો લીધેલ નથી. એ વાતની મને ખબર નથી કે આ પંચો ઘણા કેસોમાં પંચ તરીકે રહેલા છે. એ વાત ખરી છે કે સદર ગુના બાબતે કોઈ પ્રાથમિક પંચનામું કરેલ નથી. એ વાત ખરી છે કે અમો રૂબરૂ કોઈ મુદ્દામાલ કબ્જે થયેલ નથી.

**(૧૦)** ફરીયાદપક્ષે રેકર્ડ પર રજુ થયેલ પુરાવાનું અવલોકન અને મુલ્યાંકન કરતા, આ કામે તપાસવામાં આવેલા ફરીયાદીની ફરીયાદને અનુરૂપ પુરાવો આપેલ છે. પરંતુ આ કામે સ્વતંત્ર સાહેદોના નિવેદન મળી શકે તેમ હોવા છતાં તપાસ કરનાર અધિકારી દ્બારા રેડીંગ પાર્ટીના પોલીસ સાહેદ સીવાય કોઇના નિવેદન સદર કામે લીધેલ નથી, કોઈ સ્વતંત્ર સાહેદોના નામો ફરીયાદમાં, કે ચાર્જશીટમાં જણાવેલ નથી, જે સ્વતંત્ર પંચ સાહેદને તપાસવામાં આવેલ છે તે પંચ સાહેદ ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. તેઓને ફરી ગયેલા જાહેર કર્યા બાદ ફરીયાદપક્ષે તેઓની વિગતવારની ઉલટ તપાસ કરવામાં આવેલ હોવા છતાં ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત ફરીયાદપક્ષ આ સાહેદોની જુબાની દ્બારા રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આમ આ કામે જ્યારે પંચો સાહેદો પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી ત્યારે ફરીયાદપક્ષ આરોપીને પ્રોહીબીટેડ મુદ્દામાલ સાથે અટક કર્યા અંગેના પંચનામાની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. વધુમાં આ કામે કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી અને તે સીવાય જ્યારે પંચો સાહેદો પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી ત્યારે આરોપીના સભાન કબજામાંથી પ્રોહી. મુદ્દામાલ મળી આવેલ હોય, કબજે કરેલ હોય તે હકીકત અંગે ગંભીર શંકા ઉત્પન્ન કરે છે. આ સંદર્ભે **નામદાર ગુજરાત હાઇકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ સુરેશભાઇ પટેલનો ચુકાદો** વંચાણે લેતા સદર ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કે જ્યારે પંચો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી ત્યારે ફરીયાદપક્ષનો પુરાવા ઉપર

આધાર રાખી શકાય નહીં. વધુમાં **નામદાર સુપ્રીમકોર્ટના હેમરાજ વિરુધ્ધ હરીયાણા રાજ્ય, અપીલ(ક્રીમીનલ)૯૫૭/૧૯૯૮ નો ચુકાદો** વંચાણે લેતા સદર ચુકાદામાં ઠરાવેલ છે કે, જ્યારે સ્વતંત્ર સાહેદ તપાસેલ ન હોય અને સ્વતંત્ર સાહેદને નહી તપાસવા માટે કોઈ ખુલાસો કરેલ ન હોય તેમજ અન્ય કોઈ તથ્યથી ફરીયાદને સમર્થન મળતુ ન હોય તેવા સંજોગોમાં આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવો જોઈએ. હાલના કામે પણ બનાવવાળુ સ્થળ વસ્તીવાળુ સ્થળ છે અને ત્યાં સ્વતંત્ર સાહેદો મળી શકે એ સ્વાભાવિક છે તેમ છતા તેઓના નિવેદનો લેવામાં આવેલ નથી કે ન લેવા અંગે કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. જેથી સદર ચુકાદો આરોપીને મદદરૂપ થાય છે.

(૧૧) આ તબક્કે નામ. સર્વોચ્ચ અદાલતે **Kali Ram vs State Of Himachal Pradesh AIR** 1973 **SC** 2773 માં પ્રસિધ્ધ ચુકાદાને ધ્યાને લેવો આવશ્યક જણાય છે તેમાં નીચે મુજબ ઠરાવેલ છે કે,

" One of the cardinal principles which has always to be kept in view in our system of administration of justice for criminal cases is that a person arraigned as an accused is presumed to be innocent unless that presumption is rebutted by the prosecution by production of evidence as may show him to be guilty of the offence with which he is charged. The burden of proving the guilt of the accused is upon the prosecution and unless it relieves itself of that burden, the courts cannot record a finding of the guilt of the accused. There are certain cases in which statutory presumptions arise regarding the guilt of the accused but the burden even in those cases is upon the prosecution to prove the existence of facts which have to be present before the presumption can be drawn. Once those facts are shown by the prosecution to exist the court can raise the statutory presumption and it would, in such an event, be for the accused to rebut the presumption.

Another golden thread which runs through the web of the administration of justice in criminal cases is that if two views are possible on the evidence adduced in the case,one pointing to the guilt of the

<u>accused and the other to his innocence, the view which is favorable to the accused should be adopted."</u>

**(૧૨)** આમ ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત સિદ્ધાંત અને રજૂ પુરાવાઓ ધ્યાને લેતા <u>ફરીયાદ પક્ષે આરોપીઓ દારૂનો "સભાન કબજો *(CONSCIOUS POSSESSION)"* ધરાવતા હોવાની હકીકત પુરવાર કરેલ ન હોય</u> જેથી <u>કલમ *103* હેઠળ ની આરોપી વિરુદ્ધનું અનુમાન માની,</u> આરોપીને ગુજરાત પ્રોહિબિશન એક્ટની જોગવાઈ મુજબ દોષિત ઠરાવી શકાય નહીં. વધુમાં આરોપી સામેનો કેસ વાજબી શંકાથી પુરવાર કરેલ નથી અને જ્યારે ફરિયાદ પક્ષના કેસમાં <u>શંકાઓ ઉદભવે તો આવી શંકા આરોપીના લાભમાં પરિણમી શકે છે અને તે સંજોગોમાં આરોપી નિર્દોષ છૂટવા માટે હકદાર બની શકે છે</u>.

**(૧૩)** ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ ઉપરોકત મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાનુ સમગ્ર રીતે મુલ્યાંકન અને અર્થઘટન કરવામાં આવે તો, એ હકીકત નિર્વિવાદીત છે કે, હાલના કેસમાં આરોપી સામેનો કેસ વાજબી શંકાથી પર પુરવાર કરવા પંચનામાની વિગતે કબજે કરી અંગેનુ વિગતવારનું પંચનામુ પંચોની હાજરીમાં કરેલુ. આ કામે બનાવ સમયે હાલના આરોપીના કબજામાંથી દારૂ કબજે કરેલ હોવાનો અને પ્રોસીકયુશનનો કેસ છે ત્યારે કહેવાતી ઝડતીવાળી જગ્યા જાહેર જગા છે અને આજુ બાજુથી સ્વતંત્ર સહેદો મળી રહેલ તેમ હોવા છતાં આવા કોઈ સ્વતંત્ર સહેદોના નિવેદન હાલના કામે લેવામા આવેલ નથી. જો તેઓના નિવેદન લેવામાં અવોલ હોત તો બનાવ હકીકત રેકર્ડ ઉપર પ્રસ્થાપિત કરી શકેલ હોત. વધુમાં આ કામે તપાસવામાં આવેલ પંચ સાહેદે પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી અને તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલ તેમ જણાવેલ છે. વધુમાં ફરીયાદીની ફરીયાદ જોતાં તેમાં કોઈ જગ્યાએ પંચોના નામ જણાવેલા નથી. જો ઝડતી કરતા અગાઉ પંચોને બોલાવેલ હોત તો તે હકીકત તેઓએ ફરીયાદમાં જરૂર જણાવેલ હોત, પરંતુ આવી કોઈ હકીકત ફરીયાદમાં જણાવેલ નથી અને નહી જણાવવા સંબંધે કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. પંચોના નામ ફરીયાદમાં જણાવેલ ન હોય જેથી પંચોની હાજરી મુદામાલ કબજે કરેલ હકીકત સંબંધે શંકા ઉત્પન્ન થાય છે. પોલીસ સાહેદોના પુરાવાને જયાં સુધી તટસ્થ પુરાવાથી સમર્થન ન મળે ત્યાં સુધી તેનાં પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી અને આ કામે તપાસેલ બંને પંચ સાહેદો તટસ્થ સાહેદો છે તેમ છતાં તેઓએ આરોપી પાસેથી કબ્જે કરેલ હોવાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી જે હકીકત ધ્યાને લેતા પણ પોલીસ સાહેદોના પુરાવામાં વિશ્વસનિયતા જણાય આવતી

નથી. આવા સંજોગોમાં જયારે સ્વતંત્ર સાહેદ પંચો સમર્થન આપતા ન હોય ત્યારે બીજા પુરાવા ઉપર આધાર રાખી શકાય નહીં.

**(૧૪)** વધુમાં કાલીરામના ચુકાદામાં નામ. સુપ્રિમ કોર્ટ ધ્વારા કરવામાં આવેલ અવલોકન ધ્યાને લેતા તેમા એવુ ઠરાવેલ કે ફોજદારી કેસમાં જયારે રેકર્ડ પર પડેલ પુરાવાના અંતે બે અલગ અલગ અભિપ્રાય /વ્યુહ એટલેકે એક જે આરોપીને સજા કરવાનો હોય અને બીજો આરોપીને નિર્દોષતાનો અભિપ્રાય હોય તેવા સંજોગોમાં આરોપીની તરફેણનો એટલેકે આરોપીને નિર્દોષ ઠરાવતો અભિપ્રાય અપનાવવો જોઈએ. આમ હાલના કેસમાં આ અદાલત રેકર્ડ પર પડેલ પુરાવાનુ વિશ્લેષણ કરતા આરોપીની તરફેણનો વ્યુહ વ્યાજબી જણાય છે. આમ આ કામે બંને પક્ષના વિ. વકીલશ્રીઓની દલીલ તથા રજુ થયેલ લેખીત તથા મૌખીક પુરાવો ધ્યાને લેતા ફરીયાદ પક્ષ આરોપી સામે ફરમાવવામાં આવેલ તહોમતમાં જણાવ્યા મુજબનો કોઈ ગુનો આરોપીએ કર્યો હોવાની હકીકત શંકાથી પર સાબીત કરી શકેલ ન હોય આ કેસ નિર્ણય અને નિકાલ માટે ઉપસ્થિત મુદ્દા નંબર ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નંબર ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **<u>–: : આખરી હુકમ : :–</u>**

૧. આ કામના આરોપી (૧) જ્ઞાનેશ્વર ઉર્ફે અનિલ ઉર્ફે દયારામ પાટીલ રહેવાસી – ઘર નં.૯૦/એ, ગોડાદરા, ઉમિયાનગર, લિંબાયત, તા.જી. સુરત મૂળ રહે–માનાજી મોંઢાળે તા. પારોળા, જી.જલગાંવ, મહારાષ્ટ્ર (૨)અનિલ જગરૂ ઉર્ફે રાજકુમાર પ્રજાપતિ રહેવાસી – સાંઈદીપ સોસાયટી, રૂમ નં.૨૦૮, જોલવા ગામ, તા.પલસાણા જી.સુરત મૂળ રહે–ગામ મનેરા, પોસ્ટ કેરાકર, જી.જોનપુર, યુ.પી.(આરોપી વિરૂધ્ધ ક્રિ.પો.કોડની કલમ–૨૯૯ મુજબનો હુકમ થયેલ) (૩) દિપક કૈલાસ રામચંદ્ર માળી રહેવાસી – પ્લોટ નં.૩૪૫, ઉમાવિહાર, દસ્તાન ગામ, તા. પલસાણા જી. સુરત મૂળ રહે–ગામ ચોપડા, ધનઘર ગલી, માલીવાડ, જી.જલગાંવ, મહારાષ્ટ્ર (૪) કૃણાલભાઈ કૈલાસભાઈ માળી રહેવાસી–પ્લોટ નં.૩૪૫, ઉમાવિહાર, દસ્તાન ગામ, તા. પલસાણા જી. સુરત મૂળ રહે–ગામ ચોપડા, ધનઘર ગલી, માલીવાડ, જી.જલગાંવ, મહારાષ્ટ્ર નાઓ સામેના ધી પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫ એ, ઈ, ૮૧, ૯૮(૨), મુજબના ગુનામાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. સદર કામે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ કિંમતી મુદ્દામાલ (અશોક લેલન્ડ કંપનીનો

ટેમ્પો રજી. નં. GJ-05-V-8551, એક સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન) માલિકીની ખરાઈ કરી મુળ માલિકને પરત કરવો અને અન્ય મુદ્દામાલનો નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭(એ) અન્વયે આ કામના આરોપીએ રૂ.૧૫૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના છ મહીનાના સમયગાળા સુધીના સધ્ધર જામીન તથા જાતમુચરકા અત્રેની અદાલતમાં રજુ કરવા. વિકલ્પે અગાઉ આ આપેલ જામીનખત અપીલ પીરીયડ સુધી લંબાવી આપવા જરૂરી પુરસીસ રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ– ૨૧ મી, માહે, જુલાઈ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૧ / ૦૭ / ૨૦૨૬
વલસાડ

(સુ.શ્રી. પ્રીતિ સાગર)
એડી. જ્યુડી. મેજીસ્ટ્રેટ
વલસાડ
**જજ કોડ નં.જીજે–૦૧૬૭૪**